જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૭/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૫/૧૪**

## ગેડીયા ગેંગનો સાગરીત હસુશા દિવાન કે જે છેલ્લા ત્રણેક વર્ષમાં ૫૦ થી વધુ ગુનામાં સંડોવાયેલ ઇસમને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર એચ.એ.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા તથા પો.સ.ઇ શ્રી બી.એચ.કોરોટ નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે વિરમગામ રૂલર પોલીસ સ્ટેશન માં ઘરફોડ ચોરીના ગુનામાં તથા બાવળા પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં તથા સમી પોલીસ સ્ટેશન ના લુંટના ગુનામાં વોન્ટેડ છે તથા બીજા અન્ય પોલીસ સ્ટેશનોના ચોરીના ગુનાઓમાં સંડોવાયેલ છે. અને તેને કોઇ જગ્યાએ એકસીડેન્ટ થયેલ હોવાથી તે સાયન્સ સીટી પાસે આવેલ સીમ્સ હોસ્પીટલમાં તેના સગાઓએ ઘણા બધા જીલ્લાની પોલીસ શોધતી હોય જેથી આ ઇસમનું ખોટુ નામ જાહીદખાન અનવરખાન રહે. ગામ ગેડીયા તા.પાટડી જી.સુરેન્દ્રનગરનું હોવાનું લખાવી ને હોસ્પીટલ સ્પેશીયલ આઇસીયુ -૨ માં રૂમ નં. ૨૨૬/૧ સર્જીકલ વોર્ડમાં એડમીટ કરેલ છે." જે આધારે સીમ્સ હોસ્પીટલ ખાતે જઇ તપાસ કરતાં એક ઇસમ હસુશા ભિખુશા દિવાન રહે. ગામ. છાબલી તા.પાટડી જી.સુરેન્દ્રનગર નાનો મળી આવેલ. સદરી બાબતે તપાસ કરતાં તેના સહ આરોપી સાથે છેલ્લા ત્રણેક વર્ષ દરમ્યાન ૫૦ થી વધુ ગુનાઓ આચરેલ જેમાં સદરીએ તેના સાગરીત સાથે વિરમગામ માલવણ હાઇવે તથા વિરમગામ બહુચરાજી હાઇવે તથા બગોદરા બાવળા હાઇવે તથા વિરમગામ કડી હાઇવે તથા વિરમગામ દસાડા હાઇવે રોડ ઉપર ચાલુ વાહને માલવાહક વાહનમાં ચઢી તાટપત્રી કાપી વાહનમાંઠી કીંમતી માલ સામાન ના પાર્સલોની ચોરી કરવાની એમ.ઓ.ધરાવે છે. આ ઉપરાંત જુદી જુદી જગ્યાએ એટીએમ તોડવા તથા બેંક તોડવાના ગુનાઓ પણ આચરેલા છે. આરોપીએ અમદાવાદ જીલ્લા તથા સુરેન્દ્રનગર જીલ્લામાં વધુ ગુનાઓ કરેલા છે આરોપીએ છરા બતાવી ધમકાવી ફોરવ્હીલ વાહનોની પણ હાઇવે પર લુંટ આચરેલ છે. આ ઉપરાંત પાટણ જીલ્લામાં પણ લુંટ આચરેલ છે.

સદરી આરોપી અમદાવાદ શહેર સોલા સાયન્સ સીટી પાસે આવેલ સીમ્સ હોસ્પીટલમાં પોતાનું ખોટુ નામ જાહીદખાન અનવરખાન રહે. ગામ ગેડીયા તા.પાટડી જી.સુરેન્દ્રનગરનું લખાવીને સારવાર માટે એડમીટ થયેલ છે સદરી સ્પેશીયલ આઇસીયુ -૨ માં રૂમ નં. ૨૨૬/૧ સર્જીકલ વોર્ડમાં દાખલ હોય જે તે પોલીસ સ્ટેશન ના ગુનાઓમાં વોન્ટેડ હોય જે તે પોલીસ સ્ટેશન ખાતે વર્ધી લખાવવામાં આવેલ છે.

## ચેઇન સ્નેચીંગ તથા ઘરફોડ ચોરી કરતી ટોળકીને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ઉચ્ચ પોલીસ અધિકારી શ્રી ઓ તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એચ.સરવૈયા નાઓની સુચના અનુસાર પોલીસ સબ ઇન્સ.શ્રી એલ.ડી.વાઘેલા તથા ટીમના માણસો અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તથા મિલ્કત સબંધી ગુન્હાના આરોપીઓ શોધી કાયદેસર કાર્યવાહી કરવા સારૂ પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા પાલડી ચાર રસ્તા પાસે આવતાં સાથેના હેડ કોન્સ શ્રી કિરીટસિંહ હરીસિંહ તથા હેડ કોન્સ ભગવાનભાઇ મસાભાઇ ને મળેલ બાતમી હકીકત આધારે અગાઉ લુંટના ગુન્હામાં પકડાયેલ રીઢો આરોપી રાકેશ @ રાકલો સ/ઓ રમેશભાઇ રાવળ ઉ.વ.૨૫ રહે

પાલડીગામ, કુંભારવાસ ની બાજુમાં અમદાવાદ નાને અટકાવી પુછપરછ તપાસ કરતાં તેની અંગઝડતીમાંથી સોનાનો દોરો પેંડલ સાથેનો ગોલ્ડન સિલ્વર કલરનો વજન આશરે ૨૨ ગ્રામ કિ.રૂ. ૫૦૦૦૦/ નો મળી આવેલ જે તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે જેની પુછપરછ દરમ્યાન આ કબ્જે કરેલ સોનાનો દોરો મજ્કુર આરોપીએ માર્ચ/૨૦૧૨ ના સમયગાળામાં પોતે તથા પોતાના સાથીદાર પ્રહલાદ @ લાલો સ/ઓ પ્રવિણભાઇ ઠાકોર તથા કિશન બાબુભાઇ ઠાકોર બંન્ને રહે, પાલડીગામ અમદાવાદ નાઓએ પલ્સર મોટરસાયકલ ઉપર સવાર થઇ પાલડી નવચેતન સ્કુલની ગલીમાં જૈન દેરાસર સામેથી જૈન દેસારસથી પગે ચાલી આવતાં એક ઉમર લાયક સ્ત્રી ઉ.વ. આશરે ૫૦ થી ૫૫ ના ગળામાંથી ઉપરોકત ત્રણેય ઇસમોએ દોરો તોડી લુંટ કરેલાનુ જણાવેલ છે

આ સિવાય ઉપરોકત રાકેશ @ રાકલો સ/ઓ રમેશભાઇ રાવળ તથા વિપુલ @ મુનિયો સ/ઓ અંબાલાલ ઠાકોર તથા યોગેશ લાલાજી ઠાકોર ત્રણેય ઇસમોએ (૨) તા.૨૫/૭/૧૧ રાત્રીના સમયમાં પાલડીગામ અનમોલ કોમ્પલેક્ષ ઘનસ્યામ કિરાણાં સ્ટોર્સ વાળા ઘનશ્યામભાઇ ના ગોળાઉનમાંથી ડેરીમિલ્ક ચોકલેટ ના બોક્ષ નંગ- ૬ કિ.રૂ. ૪૩૬૦૦/ ની ચોરી કરેલ છે. જે અંગે એલીસબ્રીજ પો.સ્ટે.ફ.૩૦૦/૧૧ ઇ.પી.કો.ક્લમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.

તેમજ પાલડી રાજનગર કોમ્પલેક્ષ ઓગસ્ટ/૨૦૧૨ માં રાકેશ @ રાકલો સ/ઓ રમેશભાઇ રાવળ તથા નટુ ભવાનજી ઠાકોર તથા સુરેશ ઠાકોર તથા કિશન મંગાજી ઠાકોરનાઓએ ભેગા મળી (૩) કસબ ડ્રેસ મટીરીયલ્સ નામની દુકાનનુ તાળુ તોડી ડ્રેસ મટીરીયલ્સ ના કપડાં રોકડા રૂ.૮૦૦૦/ તથા એક નોકીયા મોબાઇલ ફોન, ગણપતિ ની મુર્તિ મળી કુલ રૂ. ૭૦૦૦૦/ ની ચોરી કરેલાની હકીકત જણાવેલ છે.

આ ઉપરાંત આરોપી રાકેશ @ રાકલો સ/ઓ રમેશભાઇ રાવળ તથા કિશન બાબુભાઇ ઠાકોર તથા પ્રહલાદ @ લાલો નાઓએ ભેગા મળી ૨૦૧૨ માં (૪) પાલડી શંકર આશ્રમ પાસે યુનિયન બેંક ઓફ ઇન્ડીયા ના એ.ટી.એમ.માંથી એક ઉમરલાયક બેન નાણાં ઉપાડી બહાર આવતાં તેણીના હાથમાંથી નાણાં ભરેલ પર્સ ની ચીલઝડપ કરી ગુન્હા કરેલાનુ જણાવેલ છે. આ કામે આરોપીને અટક કરી વધુ તપાસ અર્થે એલીસબ્રીજ પોલીસ ને સોંપવામાં આવેલ છે.

**<u>વટવા પો.સ્ટે. :</u>**

વટવા પોસ્ટે ફ.ગુ.ર.નં ૧૮૧/૧૪ ધી.ઇ.પી.કો.કલમ ૩૨૫,૩૨૪, ૨૯૪(ખ), તથા જીપી એક્ટ ૧૩૫(૧) મુજબના કામના આરોપીઓ નં.(૧). બીપીનભાઇ ભગવનદાસ રાવત ઉવ-૫૦ રહે- બ્લોક નં બ/૧૧૬ કુસાભાઇ ઠાકરેનગર ગરીબ આવાસ યોજના વટવા અ'વાદ તથા નં.(૨). દિનેશભાઇ ભગવાનદાસ રાવત ઉવ-૩૨ રહે- બ્લોક નં બ/૧૧૬ કુસાભાઇ ઠાકરેનગર ગરીબ આવાસ યોજના વટવા અ'વાદ તથા નં (૩). મેહુલભાઇ બીપીનભાઇ રાવત ઉવ-૨૫ રહે- બ્લોક નં બ/૧૧૬ કુસાભાઇ ઠાકરેનગર ગરીબ આવાસ યોજના વટવા અ'વાદ તથા (૪) વિજયભાઇ બીપીનભાઇ રાવત ઉવ-૨૩ રહે- બ્લોક નં બ/૧૧૬ કુસાભાઇ ઠાકરેનગર ગરીબ આવાસ યોજના વટવા અ'વાદ નાને ઉપરોકત ગુનામાં કામે તા.૦૯/૦૭/૨૦૧૪ ના કલાક ૧૭/૩૦ વાગે પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એમ.આર.પરમાર નાઓએ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.